બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસીના વિદ્યાર્થીઓનું ઝળહળતું પરિણામ

ગાંધીનગર, તા. ૧૫

બાપુ ગુજરાત નોલેજ વિલેજની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસીના ત્રણ વિદ્યાર્થીનીઓ ગુજરાત ટેકનોલોજીલ યુનિર્વર્સિટી દ્વારા લેવાયેલ સમર-૨૦૨૦ મા ટોપ-ટેન મા સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જેમા ૮ મા સિમિસ્ટર ની તન્વિ પવાર ૯.૨૫ સી.જી.પી.આઈ. સાથે યુનિર્વર્સિટીની સમગ્ર કોલોજો માથી પાંચમુ સ્થાન પ્રાપ્ત કર્યુછે અને તન્વિ ચૌધરીએ ૯.૨૦ સી.જી.પી.આઈ. સાથે યુનિર્વર્સિટી ની સમગ્ર કોલોજો માથી સાતમુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. આ ઉપરાંત, ૬ર સિમિસ્ટર ની પટેલ હાર્દિ ૧૦ એસ.પી.આઈ. અને ૯.૯.૫૯ સી.જી.પી.આઈ. સાથે યુનિર્વર્સિટી ની સમગ્ર કોલોજો માથી સાતમુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

કોલેજના આ ઝળહળતા પરિણામ બદલ કેમ્પસના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, સંસ્થાના ડાયરેક્ટર પ્રોફેસર રવિ કુમાર એ ફાર્મસી કોલેજના પ્રિન્સિપાલ ડો.ધર્મેશ ગોલવાલા, સમગ્ર સ્ટાફ અને ટોપ-ટેનમાં સ્થાન પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ઓઝોન દિન ઉજવણી અંતર્ગત

એકત્રિત કરેલ ઈ-વેસ્ટની વાનને મેયર દ્વારા ફલેગ ઓફ કરશે

ગાંધીનગર, તા. ૧૫

૧૬ મી સપ્ટેમ્બર ઓઝોન દિન તરીકે વિશ્વ ભરમાં ઉજવાય છે. પૃથ્વીની સપાટીથી ૫૦ કી.મી. સુધીના આવરણમાં ઓઝોન પદ આવેલ છે. આ ઓઝોન પડ સુર્યમાંથી આવતા પારજાંબલી કિરણોને રોકે છે. જેનાથી આપણને ચામડી કે કેન્સર્ જેવા રોગો ન થાય. પર્યાવરણના પ્રદૂષણના કારણે ઓઝોન સ્તર નબળું પડતા કેટલાક દેશોના નાગરીકો પર અને જૈવિક સૃષ્ટિ પર તેના પ્રભાવ જોવા મળ્યા છે.

એસી.ફ્રીઝ માં વપરાતા ગેસ અને ૨૦૦ જેટલા રસાયણો ઓઝોન સ્તરને નુકશાન કરે છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી,ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર મહાનગરપાલિકા, અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,ગાંધીનગર દ્વારા છેલ્લા એક માસથી ઈ-વેસ્ટ કલેક્શન અભિયાન હાથ ધરાયું હતું. જેમાં ગાંધીનગરની સેવાભાવી સંસ્થાઓ જોડાઈ હતી. આ અભિયાન અંતર્ગત એક મીની ટ્રક ભરાય એટલો ઈ-વેસ્ટ ગાંધીનગરના નાગરીકોએ જમા કરાવ્યો છે.

શેઠ સી.એમ. હાઈસ્કૂલનો JEEની પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૧૫

શેઠ સી. એમ. હાઈસ્કૂલનો તેજસ્વી વિદ્યાર્થી ભાવસાર પર્વ 98.83 P.R. સાથે શાળામાં પ્રથમ આવી શાળાનું ગૌરવ વધારેલ છે. તેમજ સ્કૂલ કુલ ૨૨ વિદ્યાર્થીઓ JEE ADVANCED માટે ક્વૉલીફાઈડ થયા છે. અત્યારે ગ્રાન્ટેડ શાળામાં આ વિદ્યાર્થીઓએ પ્રતિવર્ષની જેમ શાળાના જ તજજ્ઞ શિક્ષકો પાસે માર્ગદર્શન મેળવી ઉત્કૃષ્ટ પરિણામો દ્વારા શાળાનું, કુટુંબનું અને સમાજનું ગૌરવ વધારી નજીવી ફીમાં પણ આવા પરિણામો મેળવી શકાય તેવો દાખલો બેસાડ્યો છે. કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલે તમામ ઉત્કૃષ્ટ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવેલ છે. શાળાના આચાર્ય ડૉ.ચેતના બૂચ,સુપરવાઈઝર બી.એ.પટેલ, મુકેશભાઈ પટેલ, કનુભાઈ પટેલ દ્વારા પણ અભિનંદન પાઠવવામાં આવેલ છે.

જન્મદિને વધામણી

નરેન્દ્રભાઈ એલ મંડીર
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

ઓમ કાર્તિક પટેલ
મો. ૯૪૨૮૭ ૩૪૪૪૮

દિપ સંજયભાઈ પટણી
મો. ૯૯૦૯૭ ૧૭૮૨૧

હેતકુમાર એ પરમાર

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા દીપોત્સવી અંકની તૈયારીઓ માટે દ્વિતીય કારોબારી બેઠકનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા એમની દ્વિતીય કારોબારીની બેઠક રવિવારે પ્રત્યક્ષ મુલાકાત દ્વારા આયોજિત કરવામાં આવી હતી. નેહલ ગઢવી દ્વારા પ્રાર્થનાથી આ કારોબારી બેઠકની શરૂઆત કરવામાં આવી. અધ્યક્ષ સંજય થોરાતે આમંત્રિત સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

ગાંધીનગર સાહિત્ય સભાના સલાહકાર કવિ કિશોર જીકાદરા દ્વારા દીપોત્સવી અંકની ગુણવત્તા માટેની શરતો જણાવી હતી. ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલે ગદ્ય-પદ્ય રચનાઓ દ્વારા દીપોત્સવી અંક શોભાયમાન બનશે એમ જણાવ્યું હતું. જ્યારે મહામંત્રી અધિક કલેકટર અને જાણીતા લેખક રમેશ ઠક્કરે દીપોત્સવી અંકમાં મહત્તમ સર્જક સમાવેશ મેળવે તે માટે હિમાયત કરી હતી. ગાંધીનગર સાહિત્યસભા દ્વારા એનો પ્રથમ દિપોત્સવી અંક પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે ત્યારે સૌ કારોબારી સભ્ય અત્યંત ઉત્સાહિત છે. આ કારોબારીમાં મહેન્દ્ર ભાઈ રાઠોડ, કવિ પ્રતાપસિંહ ડાભી, કવિ રમણ વાઘેલા, નેહલ ગઢવી, જાણીતા ધારાશાસ્ત્રી અને ગાંધીનગર સમાચારના કટાર લેખક શ્વિન ત્રિવેદી અને પ્રાધ્યાપક અજય રાવલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ દરમિયાન કવિ પ્રતાપસિંહ ડાભીએ સુંદર કાવ્ય પ્રસ્તુતિ કરી હતી. ૧૬ સપ્ટેમ્બર બુધવારે સાંજે સાડા પાંચ વાગ્યે ગુરૂકુળ હાઈસ્કૂલ ખાતે સપ્ટેમ્બર મહિનાની માસિક બેઠક રૂબરૂ મુલાકાત સાથે આયોજિત થશે એવી જાહેરાત સાથે રમેશ ઠક્કરે આભાર વિધિ સંપન્ન કરી હતી.

હાસ્યાવતાર લેખક જ્યોતીન્દ્ર દવેને અપાઈ હાસ્યભેર સ્મરણાંજલિ

વિવિધ હાસ્યરચનાઓ પર ઓનલાઇન વાચિકમની રજૂઆત થઈ

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતી ભાષાના દંતકથા સમા હાસ્યલેખક જ્યોતીન્દ્ર દવેની વિવિધ હાસ્યરચનાઓ પર આધારિત વાચિકમ એક ઓનલાઈન કાર્યક્રમ અંતર્ગત ખૂબ જ રસપ્રદ શૈલીમાં રજૂ કરાયાં. 'મારી ભાષા ગુજરાતી' રવિવારીય કાર્યક્રમના ૧૪મા અંકમાં હાસ્યાવતાર જ્યોતીન્દ્ર દવેને તેમની ૪૦મી પુણ્યતિથિ નિમિત્તે હાસ્યસભર સ્મરણાંજલિ અર્પણ કરાઈ હતી. જાણીતા હાસ્યલેખક અને અભિનેતા-કલાકાર રમેશ ચાંપાનેરી 'રસમંજન' (વલસાડથી), પ્રતિભાવાન કવયિત્રી અને રંગમંચ કલાકાર યામિની વ્યાસ (સૂરતથી) અને દિલ્હીથી લેખક, સંપાદક અને નાટ્યકાર ભાગ્યેન્દ્ર પટેલ તથા સ્વર-કલાકાર અને અભિનેત્રી રાખી રાંકાએ જ્યોતીન્દ્ર દવેની કૃતિઓનાં પાત્રો તરીકે ભારે રંગત જમાવી હતી. 'મહાભારત - એક દૃષ્ટિ'માં ચાંપાનેરીએ નાટક જોવા જતા પારસી બાવાની ભૂમિકા નિભાવી હાસ્યની છોળો ઉડાડી જ્યારે 'બુદ્ધિની કસોટી'માં યામિનીએ પતિની બુદ્ધિની પરીક્ષા લેતી ગૃહિણીની ભૂમિકા નિભાવી શ્રોતાઓને ભરપૂર મનોરંજન પીરસ્યું. 'ઘડિયાળ' હાસ્યનિબંધમાં સમયથી બેપરવા રહેતા પતિને ઘડિયાળના કાંટે ટોકતી રહેતી પત્નીની ભૂમિકા રાખીએ ભજવી અને બધાં વાચિકમમાં કથાનાયક લેખક અને પતિની ભૂમિકા ભાગ્યેન્દ્રએ અદા કરી હતી.

લોકપ્રિય હાસ્યકાર રસમંજને આ અવસરે કહ્યું કે 'જ્યોતીન્દ્ર દવેના હાસ્યસર્જનથી અનેક હાસ્યકારો પ્રેરણા લઈ શકે પરંતુ એમના જેવો કોઈ બીજો હાસ્યાવતાર થઈ શકે એ વિષે તો હંમેશાં શંકા રહેશે.'

સામાજિક અને શિક્ષણ અને કલા તેમ જ અન્ય ક્ષેત્રના વ્યક્તિઓએ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

ઓનલાઈન શિક્ષણમાં વિક્ષેપ ન પડે તે હેતુથી આન ગુજરાત દ્વારા રાજ્યની અલગ અલગ જવાહર નવોદય વિદ્યાલય મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી તથા ડાંગમાં જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ૩૦ જેટલા સ્માર્ટફોનનું વિતરણ કરવામાં આવ્યું.

વર્લ્ડ ઓઝોન ડે

વતાવરણમાં રહેલા ઓઝોન લેયરને બચાવવવા અને જાગરૂકતા ફેલાવવા ના હેતુથી દર વર્ષે ૧૬ સપ્ટેમ્બરના રોજ વર્લ્ડ ઓઝોન ડે મનાવવામાં આવે છે. પૃથ્વી અને આકાશ વચ્ચે કુલ ચાર લેયર આવેલા છે, જેમાં પૃથ્વીથી ૫૦ કિમીના અંતરે આવેલા સ્ટ્રેટોસ્ફિયરમાં રહેલા ઓઝોન લેયર ના કારણે સૂર્યની ગરમીમાં રહેલા અલ્ટ્રાવાયોલેટ કિરણોની પ્રતિકૂળ અસરોથી બચી શકાય છે. જો આ અલ્ટ્રાવાયોલેટ કિરણો સીધા આપણા શરીર પર પડે તો ચામડીનું કેન્સર, આંખોને નુકસાન તથા રોગપ્રતિકારક શક્તિને અસર જેવી આરોગ્યને લગતી ગંભીર બિમારીઓ થઈ શકે છે. વનસ્પતિના જીવનચક્રમાં ફેરફાર અને ફૂડ-ચેન વિક્ષેપિત થાય છે. ઓઝોન સ્તરના ઘટાડાથી પવનની પેટર્ન પણ બદલાઈ શકે છે, જે ગ્લોબલ વોર્મીંગ તરફ દોરી જાય છે અને પરિણામે સમગ્ર વિશ્વમાં આબોહવા પરિવર્તન જોવા મળે છે. આમ મનુષ્ય ઉપરાંત તેની પ્રતિકૂળ અસર પ્રાણીઓ, વનસ્પતિ અને પર્યાવરણ ને પણ થાય છે. પૃથ્વી ઉપર થતા અવિરત ઔધોગિક વિકાસ અને વાહનોના ધૂમડામાંથી નીકળતા કાર્બન ડાયોક્સાઈડ તથા ઝેરી રાસાયણો ના કારણે ઓઝોન સ્તરને વ્યાપક નુકસાન થતુ હોવાથી આ માનવસર્જિત પ્રદૂષણ ને નિયંત્રિત કરવું ખુબ જ જરૂરી છે.

- પ્રો. જીગર એસ. બારોટ

શાળા-કૉલેજોમાં હિન્દી દિવસની ઉજવણી

એસ. વી. પ્રી. સ્કૂલ

સર્વ વિધાલય કેળવણી મંડળ,ગાંધીનગર સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં આજ રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં જૂનિયર અને સીનિયર કે. જી.ના બાળકોએ હિન્દી ભાષામાં અવનવી કવિતાઓની સુંદર પ્રસ્તુતિ કરી હતી. બાળકોએ પોતાની સાથે ગુડીયા, તોતા, છત્રી, ભારતનો ઝંડો, વગેરે કવિતાઓને અનુરૂપ વસ્તુઓ લઈને કવિતાઓનું ગાન કર્યું હતું. શિક્ષિકાઓએ બાળકોને હિન્દી ભાષા અને હિન્દી દિવસ વિષે જાણકારી આપી, તેમની પ્રસ્તુતિને બિરદાવી હતી. વાલિમિત્રોએ પણ આ કાર્યક્રમમાં પોતાનો સંપૂર્ણ સહયોગ આપ્યો હતો.



એમ. બી. પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર સંચાલિત એમ બી પટેલ સેકેન્ડરી હાઈસ્કૂલમાં હિન્દી દિવસની દબદબા પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ ઓનલાઈન ડિજિટલ સ્વરુપમાં યોજીને શાળાનાં શિક્ષઈકા શ્રીમતી આરતી સિંઘે નવો રાહ ચિંધ્યો હતો. સમગ્ર કાર્યક્રમ ઝૂમ એપ્લીકેશન ઉપર યોજીને શાળાનાં ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ પોતપોતાના ઘેરથી સ્પર્ધામાં જોડાયા હતા. વિદ્યાર્થીઓએ હિન્દી દિવસ ઉપર પોતાના વિચારો રજૂ કરીને કાર્યક્રમને ચિંતન સભર બનાવી દીધો હતો.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા દ્વારા ૧૪મી સપ્ટેમ્બરે, ૨૦૨૦ 'રાષ્ટ્રભાષા હિન્દી દિવસ' ની ઓનલાઈન ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા હિન્દી ભાષાનું મહત્વ સમજાવતાં કાર્ડ, સુવાક્યલેખન અને કાવ્યગાન જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરીને હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને શાળાના આચાર્યશ્રી અને શિક્ષકગણ દ્વારા પ્રોત્સાહિત કરવામાં હતા. આમ, આનંદોઉત્સાહથી ઓનલાઈન હિન્દીની ઉજવણી કરવામાં આવી હતી.

આઈઆઈટી ગાંધીનગર

આઈઆઈટી ગાંધીનગરે હિન્દીના મહત્વને દર્શાવવા માટે આજે 'હિન્દી દિવસ'ની ઉજવણી કરી. વર્તમાન રોગચાળાની પરિસ્થિતિને કારણે, આ વર્ષે આ કાર્યક્રમ ઓનલાઈન મોડમાં ગોઠવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ, ફેકલ્ટી, સ્ટાફ અને તેમના પરિવારના સભ્યો સહિત આઈઆઈટી ગાંધીનગર સમુદાયના સભ્યો આ ઉજવણીમાં ભાગ લેવા માટે વર્ચ્યુઅલી જોડાયા હતા. આ વર્ચુઅલ ઈવેન્ટમાં હિન્દી કવિતાઓનું પઠન, વિવિધ વિષયો પર હિન્દી ગીતોની રજૂઆત અને હિન્દી ભાષા ઉપર પોતાના વિચારો વ્યક્ત કરવાનો સમાવેશ થાય છે. જીવનની અવિરત ભાવનાથી માંડીને કોરોનાવાયરસ વૈશ્વિક રોગચાળા, નસીબ, બાળપણ, અનુભવ, મધ્યમ વર્ગના સંઘર્ષ, માતા અને દેશમાં હિન્દીની સ્થિતિ વગેરે આ પર્ફોર્મન્સીસના વિષયો હતા.

વર્લ્ડબુક ઓફ રેકોર્ડ (લંડન) દ્વારા

રાધે-રાધે પરીવાર ગ્રુપ ને 'સ્ટાર ૨૦૨૦' સર્ટિફિકેટ એનાયત

ગાંધીનગર, તા. ૧૫

હાલમાં સમગ્ર વિશ્વભરમાં કોરોનાની મહામારી ચાલી રહી છે જેથી સમગ્ર જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. આવા કપરા સમયમાં સરકાર પણ પોતાની ફરજ ખુબ જ નિષ્ઠાપૂર્વક નિભાવી રહી છે. અને સાથે સાથે સરકાર સાથે રહી રાષ્ટ્રસેવા માં કેટલાક સમાજસેવકો અને યુવાનો દેવદૂત બનીને જનતા ની સેવા કરવામાં ક્યારેય પાછી પાની કરતા નથી. જેમાંની ગાંધીનગર માં કાર્યરત રાધે-રાધે પરીવાર ગ્રુપ ધ્વારા ૨૨ મી માર્ચ થી દરરોજ ૧૧૦૦ થી વધુ ગરીબો ને સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવી રહ્યું છે. જેમાં કોરોના વોરીયર્સ એવા પોલીસ જવાનો,ફાયર બ્રિગેડના જવાનો, મીડિયા કર્મીઓ અને ૧૦૮ ના કર્મચારી નો પણ સમાવેશ થાય છે. આગામી દિવસોમાં પણ રાધે-રાધે પરીવાર ગ્રુપ દ્વારા આ સેવાકીય પ્રવુતી જરૂરિયાતમંદ વ્યક્તિઓ તથા કોરોના વોરીયર્સ ને સેવા પુરી પાડવામાં આવશે. સાથે સાથે અમારા ગ્રૂપ દ્વારા આપણા સૌની સુરક્ષા માટે રાત-દિવસ પહેરો રાખનાર એવા કોરોના વોરીયર્સ એટલે કે પોલીસ જવાનોને માસ્ક, સેનેટાઈઝર અને કાળઝાળ ગરમીમાં બપોરના સમયે છાશ, લીંબુ નો શરબત નું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

જેથી રાધે-રાધે પરીવાર ગ્રુપ ગાંધીનગર, ગુજરાત એ કરેલ અદભૂત પુર્વ કામગીરી બદલ લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા 'સ્ટાર ૨૦૨૦' સર્ટિફિકેટ એનાયત કરીને સમગ્ર ગ્રુપની કામગીરીને ધન્યવાદ આપ્યા હતા. સંસ્થા એ સ્ટાર ૨૦૨૦ સર્ટિફિકેટ સમગ્ર દેશમાં જેને અમુલ્ય કામગીરી કરેલ હોય તેવા સન્માનિત વિભુતીઓને આપીને સંસ્થા તેમનું અભિવાદન કરે છે. 'સ્ટાર ૨૦૨૦'સર્ટિફિકેટ બદલ લંડનના સાસંદ શ્રી વિરેન્દ્ર શર્મા, સંસ્થાના ભારત ના અધ્યક્ષ શ્રી સંતોષ શુક્લ, ડિરેક્ટર અને ગુજરાતના અધ્યક્ષ શ્રી અશ્વિન ત્રિવેદી અને દિવ્ય ત્રિવેદી એ રાધે-રાધે પરીવાર ગ્રુપ ની સમગ્ર ટીમને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.